દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

સોમવાર ૧૧ નવેમ્બર, ૨૦૨૪

# ટ્રમ્પે અમેરિકાના સાત સ્વિંગ સ્ટેટ્સમાં કેવી રીતે બાજી પલટી?

આ વખતની અમેરિકન ચૂંટણી કોઈ રોમાંચક અમેરિકન ફિલ્મથી ઓછી નહોતી. 13 જુલાઈ, 2024ના રોજ ટ્રમ્પ પર ગોળીબાર, 21 જુલાઈના રોજ બાયડેનનું રેસમાંથી ખસી જવું, કમલાને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર બનાવવામાં આવ્યા, અભદ્ર ટિપ્પણીઓ અને બીજું શું-શું ન થયું? પરંતુ હવે દરેક જગ્યાએ ટ્રમ્પની જીતની ચર્ચા છે. ટ્રમ્પ કેવી રીતે જીત્યા? ટ્રમ્પે અમેરિકાના તમામ સાત સ્વિંગ સ્ટેટ્સમાં કેવી રીતે બાજી પલટી? ક્યા મુદ્દા ચાલ્યા અને સૌથી મજાની વાત, ટ્રમ્પ પર મહિલાઓ સામેના અનેક કેસ ચાલતાં હોવા છતાં મહિલા વોટર્સે સૌથી વધુ વોટ કેમ આપ્યા? ડોનાલ્ડ ટ્રમ્પની આ જીતની કહાની શું છે? અને, ટ્રમ્પની વાપસી દુનિયાને કેવી રીતે બદલશે? ટ્રમ્પની જીત પછી અમેરિકામાં આગળ શું થવાનું છે? એક એક મુદ્દાને સમજીએ.

ટ્રમ્પે તમામ સાત સ્વિંગ સ્ટેટ્સમાં સારું પ્રદર્શન કર્યું હતું. હવે સાત સ્વિંગ રાજ્યોના ચૂંટણી ગણિતને સંક્ષિપ્તમાં સમજીએ.

મિશિગન - અહીં કુલ 15 ઈલેક્ટોરલ વોટ છે. ઐતિહાસિક રીતે આ રાજ્ય ડેમોક્રેટ્સ પાસે રહ્યું છે, પરંતુ 2016માં અહીં ડોનાલ્ડ ટ્રમ્પે જીત મેળવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો રાજ્ય આખું લાલ થઈ ગયું હતું. જો કે, 2020માં બિડેને તેનો રંગ બદલીને વાદળી કરી દીધો હતો. હવે ફરી આ રાજ્ય ટ્રમ્પ તરફ જતું જણાય છે. 95 ટકા મતોની ગણતરી થઈ ચૂકી હતી. ટ્રમ્પ આમાં આગળ હતા. અહીં લગભગ 2.5 લાખ મુસ્લિમો રહે છે. અત્યાર સુધી મુસ્લિમ મતોની બહુમતી ડેમોક્રેટ્સને જતી હતી, પરંતુ ગાઝા યુદ્ધના કારણે મુસ્લિમો બિડેનની નીતિઓથી નારાજ હતા. એટલા માટે ટ્રમ્પે આ વખતે આ રાજ્ય પર ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અહીં સુધી કે તેમની છેલ્લી ચૂંટણી સભાને પણ સંબોધિત કરી હતી.

પેન્સિલવેનિયા - અહીં કુલ ઈલેક્ટોરલ વોટ 19 છે. ટ્રમ્પે આ રાજ્ય જીત્યું છે. ઐતિહાસિક રીતે, આ રાજ્ય પણ ડેમોક્રેટ્સનું હતું, પરંતુ 2016માં ટ્રમ્પ અહીં મામૂલી માર્જિનથી જીત્યા હતા. બિડેને તેને 2020માં ફરીથી જીતી લીધું હતું. હવે ફરી એકવાર તે ટ્રમ્પના ખાતામાં આવી ગયું છે. કમલાને પેન્સિલવેનિયા પાસેથી ઘણી આશા હતી. તેમણે અહીં ઘણી સભાઓ કરી હતી. છેલ્લી ચૂંટણીનું ભાષણ પણ અહીં કર્યું હતું.

વિસ્કોન્સિન - અહીં કુલ 10 ઈલેક્ટોરલ વોટ છે. ટ્રમ્પ 2016માં અહીં જીત્યા હતા અને 2020માં બિડેન અહીં જીત્યા હતા. હવે ફરી એકવાર આ રાજ્ય ટ્રમ્પના ખાતામાં આવી ગયું છે. નંબર 4: એરિઝોના - અહીં કુલ 11 ઈલેક્ટોરલ વોટ છે. ઐતિહાસિક રીતે આ રિપબ્લિકન રાજ્ય રહ્યું છે, પરંતુ 2020માં બિડેન અહીં જીત્યા હતા. હાલમાં ટ્રમ્પ અહીં આગળ છે. નંબર 5: જ્યોર્જિયા - અહીં કુલ 16 ઈલેક્ટોરલ વોટ છે. ટ્રમ્પ અહીં 2016માં અને બિડેન 2020માં જીત્યા હતા. હવે ટ્રમ્પ અહીં પણ પરત ફર્યા છે. અહીંની 33 ટકા વસ્તી બ્લેક અમેરિકનોની છે.

નોર્થ કેરોલિના - અહીં કુલ 16 ઈલેક્ટોરલ વોટ છે. રિપબ્લિકન તરફ ઝુકાવ વધુ રહ્યો છે. ટ્રમ્પે 2016 અને 2020માં અહીં જીત મેળવી હતી. ટ્રમ્પ 2024માં પણ અહીંથી જીત્યા છે. નંબર 7: નેવાડા - અહીં કુલ 6 ઈલેક્ટોરલ વોટ છે. સામાન્ય રીતે અહીં લોકો ડેમોક્રેટિક પાર્ટીને મત આપે છે. બિડેને 2020માં આ રાજ્ય ખૂબ જ ઓછા માર્જિનથી જીત્યું હતું. હવે અહીં ટ્રમ્પે આગેવાની લીધી છે. ટ્રમ્પની જીત માટે ક્યા મુદ્દાઓએ કામ કર્યું? :

અર્થતંત્ર - નિષ્ણાતોનું કહેવું છે કે આ ચૂંટણીમાં અર્થતંત્ર સૌથી મોટો મુદ્દો બનીને ઉભરી આવ્યું છે. બિડેને રાષ્ટ્રપતિ પદ સંભાળ્યું ત્યારે આખું વિશ્વ કોરોના સામે ઝઝૂમી રહ્યું હતું. ઘણા દેશોની જેમ અમેરિકામાં પણ થોડા અઠવાડિયાનું લોકડાઉન લાદવામાં આવ્યું હતું, જેના કારણે અમેરિકાના સ્થાનિક બિઝનેસને અસર થઈ હતી. મોંઘવારી વધી હતી. તેમના સમયગાળા દરમિયાન સરેરાશ ફુગાવાનો દર 5 ટકાથી વધુ રહ્યો છે.ગર્ભપાત - જૂન 2022માં યુએસ સુપ્રીમ કોર્ટે ગર્ભપાતના મહિલાઓના બંધારણીય અધિકારને નાબૂદ કર્યો હતો. આ નિર્ણય સુપ્રીમ કોર્ટે આપ્યો હતો, પરંતુ ટ્રમ્પ પર આનો આરોપ લાગ્યો હતો. હકીકતમાં આ નિર્ણય આપનાર સુપ્રીમ કોર્ટના જજોની નિમણૂક ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી. ગર્ભપાતનો અધિકાર ખતમ કરવાનો નિર્ણય આવ્યો ત્યારે ટ્રમ્પે પણ આ નિર્ણયને આવકાર્યો હતો. આ કારણથી ટ્રમ્પની ટીકા પણ થઈ હતી. ત્યારે ટ્રમ્પે કહ્યું કે રાજ્યોને અધિકાર છે. તેઓ પોતાની રીતે કાયદો બનાવી શકે છે. ડેમોક્રેટ્સે આને ચૂંટણીનો મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

# ‘અનુભાવન’ના વિશ્વમાં વિહાર કરીએ…

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ તરીકે કાર્યરત અને પૂર્વ સનદી અધિકારી ભાગ્યેશ જહા જાણીતા સર્જક પણ છે. કવિતા અને નિબંધ ક્ષેત્રે એમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ હોવાને નાતે તેઓ ‘શબ્દ સૃષ્ટિ’’ સામયિકના તંત્રી પણ છે. ‘અનુભાવન’- (સાહિત્યિક ચિંતનિકાઓ) તંત્રી તરીકે લખાયેલા લઘુલેખોનો સંચય છે. લેખકે એને વાજબી રીતે ચિંતનિકાઓ તરીકે ઓળખાવેલ છે. કારણ, અહીં સાહિત્ય પરત્વે ચિંતન તો પ્રગટ થયું જ છે પણ એ સિવાય સમાજજીવનની અનેક સમસ્યાઓ વિશે પણ ચિંતન પ્રગટ થયું છે.

‘અનુભાવન’માં બેતાળીસ લેખોનો સમાવેશ થયો છે. આ લખવા પાછળનાં ત્રણ નિમિત્તો લેખક આપણને બતાવે છે. એક, તંત્રીલેખ બે, અકાદમી આસપાસના વાતાવરણને શુદ્ધ કરવું અને ત્રણ, આધુનિક જીવન અને જગતની તપાસ કરવી. અહીં સાહિત્યિક ચર્ચાઓ છે પણ સાથે સાથે સાંપ્રત સમાજજીવન અને વૈશ્વિક સમસ્યાઓ વિશે પણ ચિંતન પ્રગટાવવામાં આવ્યું છે. આપણા સમયને બહુ સારો સમય તરીકે લેખકે અનેક વખત આ લેખોમાં ઓળખાવ્યો છે. શા

**આ લેખોમાં સતત એક ચિંતાનો સૂર સંભળાય છે, કે ટેકનોલોજીના સમયમાં સાહિત્યનું સ્થાન ક્યાં રહેશે? હાવી થતી જતી ટેકનોલોજી સર્જકતાને ખતમ તો નહિ કરે ને? આ લેખો દ્વારા સાંપ્રત સાહિત્યને મૂલવવાનું અને વૈશ્વિક પ્રવાહોને સમજવાનું કામ પણ સુપેરે થયું છે**

માટે આપણો વર્તમાન અત્યારે સારો છે? લેખક જણાવે છે, ‘‘આ નવા વિશ્વની નવપ્રયોગની જિજ્ઞાસા અને નવી પેઢીની ટેકનોલોજી- પ્રણિત કોમ્યુનિકેશન તરાહોની સુદીર્ઘ ચર્ચા કરવાના સાહિત્ય-કાળમાં આપણે જીવીએ છીએ એ આપણું સદ્ભાગ્ય છે. (પા. 02)

આ લેખોનો સૌથી મોટો ગુણ એનો હકારાત્મક અભિગમ છે. હાવી થઈ ગયેલી ટેકનોલોજીને કઈ રીતે ખાળી શકાય એની ચર્ચા પણ અહીં સતત જોવા મળે છે. ‘‘ગાવું છે, ગીત આ રહ્યું.. માં એઆઈ ટેકનોલોજી સર્જકતાને કેવી રીતે ખતમ કરશે એના ભયાવહ સ્થાનની વાત સાથે સાથે નવા પડકારોની વાત પણ આ રીતે કરવામાં આવી છે. ‘‘સર્જકે હવે ટેકનોલોજી દ્વારા વાસ્તવનાં આ જે વિવિધ રૂપ ઊભાં કર્યાં છે તેની સાથે કામ પાડવાનું છે. વાસ્તવમાંથી કુતૂહલ અને વિસ્મયને ઓલવી નાખવાની ફૂંક ટેકનોલોજી મારી રહી છે…’ (પા. 39) આ લેખમાં સર્જક અને સર્જન સામે આવી રહેલા પડકારોની છણાવટ કરવામાં આવી છે.

‘નૂતન યુગના નવોન્મેષને આવકારીએ….’ માં સર્જકની સામાજિક નિસબત વિશે વાત કરવામાં આવી છે. આ જ લેખમાં એક સંકેત એવો પણ આપવામાં આવ્યો છે કે સાહિત્યના યુગ-વિભાજનો સમય સંદર્ભ સાથે કરવાના બદલે જે તે યુગપ્રભાવી સર્જકો દ્વારા કરવામાં આવે તો વધારે રસપ્રદ સાહિત્યનો ઈતિહાસ મળી રહે.’’ યુગપ્રભાવક કવિઓના છાયાપ્રદેશમાં વિકસતી સાહિત્યસૃષ્ટિ….’ (પા. 51) ‘અનંત નામનું ઓસડ મારે…’ નરસિંહ મહેતાની પંક્તિનો આધાર લઈને એઆઈથી ઊભા થતા




ખતરાની ચર્ચા કરવામાં આવી છે. એઆઈનો પ્રભાવ દિવસે ને દિવસે વધતો જ જાય છે. એવી સ્થિતિમાં સર્જાતા સાહિત્યનું સ્થાન ક્યાં?

આ લેખોમાંથી પસાર થતાં એક લાક્ષણિકતા ઊડીને આંખે વળગે છે તે એ છે કે લેખક વિશ્વસાહિત્યના વાચક છે. માત્ર સાહિત્ય જ નહિ પણ અનેક વૈશ્વિક સંદર્ભોથી પણ તેઓ પરિચિત છે. આ સંદર્ભો સતત એમના લખાણમાં આવ્યે જ જાય છે અને એમ થવાને લીધે એમનું જે કથન છે એ વધારે સ્પષ્ટ અને દૃઢ બને છે. આ લેખોમાં સતત એક ચિંતાનો સૂર સંભળાય છે, કે ટેકનોલોજીના સમયમાં સાહિત્યનું સ્થાન ક્યાં રહેશે? હાવી થતી જતી ટેકનોલોજી સર્જકતાને ખતમ તો નહિ કરે ને? આ લેખો દ્વારા સાંપ્રત સાહિત્યને મૂલવવાનું અને વૈશ્વિક પ્રવાહોને સમજવાનું કામ પણ સુપેરે થયું છે. વળી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે અને ‘શબ્દસૃષ્ટિ’ના તંત્રી તરીકે અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓને મૂલવવાનું પણ અહીં બન્યું છે. આ બધામાં લેખક તરીકેનો એમનો આશાવાદ સતત પ્રગટતો રહ્યો છે. નવાં સર્જકો સાથેની સતત મુલાકાત, એમના સાહિત્યના પરિચય, વિવિધ સંગોષ્ઠિઓ દ્વારા એમનો આશાવાદ સતત દૃઢ થતો રહ્યો છે. ઉમાશંકર જોશી, સુરેશ જોષી, સુન્દરમ્, રઘુવીર ચૌધરી વગેરે સતત એમની વાતોમાં ડોકાતા રહે છે. વૈશ્વિક સંદર્ભો અને લેખકો પણ અનાયાસ અહીં આવ્યે જાય છે. ક્યારેક પુનરાવર્તનદોષ લાગે પણ લેખકનો આશાવાદ પ્રગટ થયા વિના રહેતો નથી. છે આ ચિંતનિકાઓ પણ ક્યાંક લલિત ગદ્યનો અનુભવ પણ થાય છે. જુઓ, ‘‘ઋષિની અદામાં ઊભેલી ક્ષિતિજ હંમેશા કશુંક સકારાત્મક પીરસ્યા કરતી હોય છે. પાછળ આવતા સૂર્યના સાત અશ્વોનો પદરણકાર એની સસલા જેવી શિશુસહજ ભોળી કોમળતાને સ્પર્શી શકતો નથી.’’ (પા.03), લેખક ક્યારેક પ્રાસયુક્ત ગદ્યમાં પણ વાત કરે છે, ‘‘નવી પેઢી કમ્પ્યુટર અને ઈન્ટરનેટની પેઢી છે, ખટપટ નહીં પણ ઝટપટની પેઢી છે.’’ (પા.03) જે નાણીએ છીએ એ તો જે માણીએ છીએ એનો હિસાબ છે…’’ (પા.16) ‘‘અર્જુન ‘જો’ અને ‘તો’ ના ચક્કરમાં પડ્યો હતો. એ જોતો થઈ ગયો એ શ્રીકૃષ્ણનો ચમત્કાર છે.’’ (પા.102) ‘રઘુ-વીરવાણી’ (પા.26), ‘નેટાધીન’, ‘સ્માર્ટફોન’ ધીન (પા.34), ‘મિસ્કીનાયેલી ગઝલસામગ્રી’ (પા.51), ‘આયનાકર્મ’, (પા.62) વગેરે ભાષારમત કરનારા શબ્દો પણ પ્રયોજી જાણે છે.

આ લેખોમાંથી રઘુવીર ચૌધરી, ધીરુબહેન પટેલ, મહોમ્મદ માંકડ અને કુલીનચંદ્ર યાજ્ઞિકનાં વ્યક્તિત્વોનો પરિચય પણ મળી રહે છે. મહોમ્મદ માંકડ કે કુલીનચંદ્ર યાજ્ઞિક વિશેનાં લખાણો વિગતપૂર્ણ શ્રદ્ધાંજલિ લેખો છે. રઘુવીર ચૌધરીને જ્ઞાનપીઠ સન્માન પ્રાપ્ત થયું એનો હરખ એકથી વધુ વખત પ્રગટ થયો છે તો સાથે સાથે રઘુવીર ચૌધરી વિશેની રેખાઓ પણ પ્રાપ્ત થાય છે.’’ પ્રેમાળ સ્વાભાવ, ખાદીનાં વસ્ત્રોમાં જીવાતું ગાંધીયુગનું સંભારણું, ખેતરની ભીનાશ લઈને છલકતી ઊંડી આંખો, ગ્રામ્યજીવનની નિખાલસતાને પ્રગટાવતી સહજવાણી અને શબ્દથી મળતા યૌવનની મશાલવી જેવી અદ્ભૂત યાદશક્તિ…’’ (પા.09), ધીરુબહેન પટેલની ઊંડી આધ્યાત્મિક સમજને એમણે સ્પષ્ટ કરી છે અને લેખિકા તરીકેની લાક્ષણિકતા નોંધી છે.’’ વ્યક્તિ તરીકે એ બહુ ‘ઓપન’ અને જલદી ‘જજમેન્ટલ’ થવાની ઉતાવળ ના કરતાં, એના લીધે એમની સાથે વાત કરતાં કરતાં એક સહજ બૌદ્ધિક સંધાન સધાતું.’’ (પા.74) આ લેખોમાં અનેક વૈશ્વિક સર્જકોના સંદર્ભો આવે છે. ઉપરાંત ઘટનાઓના સંદર્ભો પણ આવે છે. આ સંદર્ભો વિશે ક્યાંક સંદર્ભનોંધ મળે છે. ક્યાંક નથી મળતી. એમાં સાતત્ય જળવાયું નથી. વળી સુન્દરમને બદલે ‘સુરન્દરમ્’ એવો મુદ્રણદોષ પણ ખટકે છે.

વિશ્વસાહિત્યના વાચક અને એવા જ વૈશ્વિક પ્રવાહોથી પરિચિત એવા ‘શબ્દસૃષ્ટિ’ના તંત્રીનાં આ લખાણો વિચારપ્રેરક છે. સાહિત્યના સંદર્ભમાં નવી રીતે વિચારનારાઓને આ ચિંતનિકાઓમાંથી પસાર થવાનું અવશ્ય ગમશે.

**(અનુભાવન સાહિત્યિક ચિંતનિકાઓ), ભાગ્યેશ જહા ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી, 2024, (મૂ.રૂ. 250)**

**અક્ષરની આરાધના**
**સંપાદન: ધ્વનિલ પારેખ**

# ઝાકળનાં ટીપાં: નાનકડો ગીતસંગ્રહ

ભરત જોશી ‘પાર્થ’ મહાબાહુ’ ના નામે કવિતાઓ લખે છે. ‘ઝાકળનાં ટીપાં’ એમનો ગીતસંગ્રહ છે. ઉપરાંત અછાંદસ અને ગઝલો પણ લખે છે. આ નાનકડા ગીતસંગ્રહમાં પાંત્રીસ ગીતોનો સમાવેશ છે. પોતાના નિવેદનમાં ગીતની આ બે પંક્તિઓ ટાંકી છે.

‘અમે ગાઈએ કાલાંઘેલાં અમને ગમતાં ગીત,
ગાવાની ને ગણગણવાની હોય અમારી રીત.. (પા. 05)

કવિની રીતિનાં આ ગીતોને માણીએ.


‘ચમકારા’ નાં અનેક રૂપોનો અનુભવ પ્રથમ ગીત કરાવે છે. દરજીડો ચમકારા સીવે, હસ ચમકારા પીવે અને આખરે પાંપણમાં ચમકારા જીવે-સુધીની સફર આ ગીત કરાવે છે. કવિ અફીણથી પણ ભારે અંધારું ઝીલવાની વાત પણ સંકેતમાં કરે છે. ‘અજવાળું લોલ’’ અને ‘અંધારું ભારે રે’ બંને ગીતના ઉપાડ સરખાવી જોવા જેવા છે. કેટલાંક ગીતના ઉપાડથી જ એની તીવ્રતાનો અનુભવ થાય છે. જેમકે, ‘તલવાયુ ટાંગવાને’ ગીતનો ઉપાડ જુઓ.

**‘અમે ગાઈએ કાલાંઘેલાં અમને ગમતાં ગીત, ગાવાની ને ગણગણવાની હોય અમારી રીત..**

- તલવાયુ ટાંગવાને ખીંટી તો હોય
પણ પડછાયો ટાંગવાને અંગૂઠો ક્યાં?’ (પા. 29)

સજની અને રસિયાનું ‘યુગલ ગીત’ પણ એની રચનારીતિને કારણે માણવાલાયક બન્યું છે. ગોરંભા પહેલાંની’ ‘વિપ્રલંભ’ અને ‘અભિસાર’ ત્રણે દળો સાથે મૂકીને માણવા જેવાં છે. નાયિકાની ગીતોમાં અલગ મનઃસ્થિતિ વ્યક્ત થઈ છે. ‘અભિવ્યક્તિની આ પંક્તિ મિલનના અવસરને વ્યક્ત કરે છે.

‘‘અમરત કીધાં અવસરિયાં ને માવકડાં મદમાતા રે…’ (પા.39) ‘સ્મરણ’ ગીતમાં રહેલી સ્મરણલીલા પણ આસ્વાદ્ય છે. ‘ખોબોક ખૂલી ખડકી’ એક જુદા ભાવનું ગીત છે. જરાક અમથી ખૂલેલી ખડકીની આરપાર જતી નજરો શું શું જુએ છે, એ આ ગીતમાં વ્યક્ત થયું છે.




‘ધોધમાર ધ્રુસકાઓ’ એમાં નિરુપાયેલી ભાષાને કારણે સંગ્રહનું નોખું પડતું ગીત છે. વાતને બેવડાવીને રજૂ કરવાને લીધે ભાવની તીવ્રતા તંતોતંત વ્યક્ત થઈ છે. ‘‘ધોધમાર ધ્રાસકાઓ લંબાતા જાય છે. લંબાતા જાય છે..

પગલાંમાં પડછાયા છૂંદાતા જાય છે. છૂંદાતા જાય છે…’ (પા. 51) ‘સાંજ ઢળે ત્યાં’ માં સાંજનો સર્જનાત્મક અનુભવ વ્યક્ત થયો છે. ચોમાસું વીંઝે તલવાર’, પણ ભાષા અને ગીતના આંતરલયની વિશેષતાને કારણે જૂદું તરી આવે છે. સર્જક માટે કલમ અને ખડિયાનું મહત્ત્વ અનેરું છે. શાહી માત્ર એને માટે શાહી નથી એ તો ‘અજવાળાંની ધાર’માં કહે છે એમ..

‘શાહી ભરેલી કલમ ખોલતાં વરસી પડતી અજવાળાંની ધાર’’ (પા. 61) અજવાળું રેલાવતું આવે છે. દેખાય એવું હંમેશા હોતું નથી. એ આખરે ‘સરવાળે સમજાયું’’ ગીતમાં વ્યક્ત થાય છે. ‘ઝરણું બોલ્યું’ સંવાદગીત છે અને ઝરણું અનેક રીતે પ્રેરણા આપે છે. રઘુવીર ચૌધરીએ ‘ઝરણું બોલ્યું’ ગીતસંગ્રહનું નામ રાખ્યું હોત, એવું સૂચન પણ કર્યું છે’ અને ‘ગાઈએ ગીત’ ‘ઝરણું બોલ્યું, ‘મોજ પડે તો’- આ ત્રણે ગીતમાં સહજનો સ્વીકાર કરીને મોજથી જીવવાની વાત રજૂ થઈ છે. આ કવિને બહુધા ટૂંકા લયનાં ગીતો ફાવે છે. કાઠિયાવાડી બોલીના પ્રભાવે ‘શિંગડીયું, ‘કીડિયું, ‘સાંઢલિયું’, ‘પાંશવિયું’, ‘કુંજડિયું, ‘આંગળિયું’, વાંસળિયું’ વગેરે શબ્દપ્રયોગો જોવા મળે છે. તો ‘ પતંગિયાના પહેરવેશમાં પળપળ પીડા પલળતી જેવી વર્ણસગાઈ અલંકર ધરાવતી પંક્તિઓ પણ નોંધપાત્ર છે. વર્ણસગાઈ અલંકાર ધરાવતી ઘણી પંક્તિઓ મળી રહે એમ છે. ‘અફીણિયો’ ‘સબ્બાણ’ અક્ષરોને બેવડાવવાનું વલણ પણ વધારે દેખા દે છે. અજવાળું, ચમકદાર, દીવો, અંધારું , ઝરણું, નદી વગેરે વિષયોનું પ્રાધાન્ય પણ જોવા મળે છે. છતાં આ નાનકડો ગીતસંગ્રહ માણવાલાયક છે.

**(ઝાકળનાં: ટીપાં,. ભરત જોશી, ‘પાર્થ મહાબાહુ’, અમદાવાદ, ઝેડ કે પબ્લિકેશન. મે. 2023, 140 રૂપિયા)**

# સાહિત્યિક ગતિવિધિ

» નડિયાદની જાણીતી સંસ્થા અ.સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય દ્વારા ગ્રંથનો પંથ કાર્યક્રમનું આયોજન થતું હોય છે. આ આયોજનના 116મા મણકામાં જાણીતા નિવૃત્ત અધિકારી વસંત ગઢવીએ કાગવાણી-1 (દુલાભાયાકાગ) નો પરિચય કરાવ્યો હતો. 3 નવેમ્બરના દિવસે સવારે 9-30 કલાકે આ કાર્યક્રમ યોજાયો હતો.

» ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે એક નવી પહેલ કરવામાં આવી છે. 23 નવેમ્બરથી 27 નવેમ્બર 2024 દરમિયાન બ્રાહ્મી લિપિના અભ્યાસવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભ્યાસવર્ગમાં પ્રવીણચંદ્ર પરીખ અને જોલીબહેન સાંડેસરા તજજ્ઞો તરીકે સેવા આપશે. આ અભ્યાસક્રમની ફી 170 રૂ. રાખવામાં આવી છે. 10 નવેમ્બર સુધી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે નામ નોંધાવવું જરૂરી છે.

» માતૃભાષા અભિયાન દ્વારા 27 ઓક્ટોબરે ‘વાર્તા રે….વાર્તા’ નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાણીતા ભાષાવિદ્ અરવિન્દ ભાંડારીએ નાના-મોટા સહુને ગમે એવી વાર્તાઓની રજૂઆત કરી હતી.


» ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજ, વલ્લભવિદ્યાનગર દ્વારા એક કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં સ્નાતક તથા અનુસ્નાતકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિદ્યાર્થીએ પોતે અભ્યાસ કરે છે, એવું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ સ્પર્ધામાં વિજેતા થયેલી કલાકૃતિઓ વિ-વિદ્યાનગર સામયિકમાં સમયાંતરે પ્રગટ કરવામાં આવશે. કાવ્યલેખન સ્પર્ધામાં પ્રથમ વિજેતાને 11000 રૂ. અને પ્રમાણપત્ર, દ્વિતીય વિજેતાને 7500 અને પ્રમાણપત્ર, તૃતીય વિજેતાને 5000 અને પ્રમાણપત્ર, ચતુર્થ વિજેતાને 3000 અને પ્રમાણપત્ર, પાંચમા વિજેતાને 2000 અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઉપરાંત 1000 રૂ.નાં દસ પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવશે. સ્પર્ધકોએ ડો. બી.એમ. પરમાર, આચાર્યશ્રી નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજ, વલ્લભવિદ્યાનગર-38812. સરનામે પોતાની કલાકૃતિઓ મોકલવી.

» સાહિત્ય કલાસંપદાની ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્રને સથવારે યુટ્યૂબ ચેનલ ઉપર ‘કવિનો અવાજ’ શ્રેણી પ્રસ્તુત થતી હોય છે. આ શ્રેણી અંતર્ગત 27 ઓક્ટોબર રવિવારે રાતે 9.00 કલાકે જાણીતા ગઝલકાર હેમંત ધોરડાએ પઠન કર્યું હતું. હેમંત ધોરડાની ગઝલોનો આસ્વાદ ધ્વનિલ પારેખે કરાવ્યો હતો.

» ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદની ‘પાક્ષિકી’ શ્રેણી અંતર્ગત વિવિધ ગદ્યકૃતિઓના પઠનનો કાર્યક્રમ દર પંદર દિવસે યોજાતો હોય છે. જેનું સંકલન કવિ જયંત ગંગોદરા કરે છે. 25 ઓક્ટોબર, શનિવારે યોજાયેલા ‘પાક્ષિકી’માં રવજી ગાબાણીએ ‘સગપણની વાત’ નિબંધનું પઠન કર્યું હતું. ઉપસ્થિત શ્રોતાઓએ પઠન બાદ પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો.

# હૂ મૂવ્ડ માય ચીઝ? : તમારા જીવનનાં પરિવર્તનનો સામનો કરવાની એક અદ્ભુત કળા

‘હૂ મૂવ્ડ માય ચીઝ?’ (Who Moved My Cheese?) આ પુસ્તક, હળવી શૈલીમાં લખાયેલી નીતિકથા છે, જે આપણને જીવનમાં આવનારી અનેક પરિસ્થિતિઓમાં કેવી રીતે પરિવર્તનને અનુકુળ થવું તેની ઊંડી સૂઝ પ્રદાન કરે છે.




**પુસ્તકમાં બોધ શું?**

સ્નિફ અને સ્કરી નામના બે ઉંદર તેમજ હેમ અને હામ નામના બે ઠીંગણાં ચીઝ શોધી રહ્યા છે. તેમને ‘ચીઝ સ્ટેશન સી’ પર પૂરતું ચીઝ મળી રહે છે. પણ વધુ વપરાશથી ચીઝ ખૂટવા લાગે છે. ચારે જણા અચાનક આવી પડેલી નવી સ્થિતિમાં અલગ અલગ રીતે વર્તન કરે છે. સ્નિફ અને સ્કરી સમજી જાય છે કે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, એટલે તેઓ નવી જગ્યાએ ચીઝ શોધવાનું નક્કી કરે છે. હેમ અને હામ એટલા વ્યવહારુ નથી. અને ચીઝ ખૂટી જવા બદલ બીજાઓને દોષી માને છે.

અંતે, હાવને ખબર પડે છે કે ચીઝ મળી જાય તેવો કોઈ ચમત્કાર થવાનો નથી. એટલે તે નવી ચીઝની શોધ કરવાનું નક્કી કરે છે. હેમ સ્ટેશનને છોડવાની ના પાડે છે. હાવ અજાણી દિશામાં રવાના થાય છે અને પાછળ તેના મિત્ર માટે એક ચબરખીમાં એક પ્રશ્ન મૂકે છે, “તું જો ડરતો ન હોત તો શું કરત?”

હાવ તેની યાત્રા શરૂ કરે છે અને ધીમે ધીમે તેની અંદર થતા પરિવર્તનનો અહેસાસ કરે છે. નવી વસ્તુની ખોજ વાસ્તવમાં ઘણી ઉત્સાહજનક છે. તેને જે વિચારો આવે છે તેને તે દીવાલો પર એવી આશામાં લખે છે કે કદાચ એક દિવસ હેમ તેને વાંચશે. પુસ્તકનો મુખ્ય સંદેશ દીવાલ પર લખેલા હાવના પ્રેરણારૂપ વિચારો છે.

**ટૂંકમાં કહીએ તો…**

આપણે સૌએ આપણી જાતને પૂછવાની જરૂર છે કે આપણી આસપાસની દુનિયાનો સામનો કરતી વખતે આપણી દીવાલો પર શું લખવા જેવું હોય છે? આપણને ખબર છે કે માત્ર પરિવર્તન જ કાયમી છે, એટલે આપણે શીખવાની જરૂર છે કે કેવી રીતે અપેક્ષા રાખવી અને બદલાવની યાત્રાનો આનંદ માણવો. એકમાત્ર વસ્તુ જે આપણને અજ્ઞાતમાં જતા અટકાવે છે તે છે ડર, તેથી જાતને પૂછતા રહેવું- જો ડર તમને અટકાવતો ન હોત તો તમે શું કરત?

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દરેક સમયે મૌન ઉચિત ગણાય?

મૌન સર્વાથ સાધનમ કે ન બોલવામાં નવ ગુણ જવી સુવિચારની ઉક્તિ પ્રચલિત છે. પરંતુ સંજોગો અનુસાર ક્યારેક મૌન સેવવું અન્ય વ્યક્તિને અવશ્ય કરી શકે. સાચા પક્ષને ન્યાય અપાવવા મૌન તોડવુ અવશ્ય આવશ્યક. સત્ય જાણતા હોવા છતાં મૂક સાક્ષી બની રહેવુ એ નિર્દોષ વ્યક્તિને હાનિ પહોંચાડી શકે. અને ‘‘નરો વા કુંજરો વા’’ જેવી પરિસ્થિતી દરેક કિસ્સામાં યોગ્ય ન પણ ગણાય. મૌન શાંતિનું સુવાહક કહેવાતુ હશે. પણ યોગ્ય સમયે વાણી પણ એટલી જ જરૂરી. ક્રોધ અયોગ્ય અને શાંતિ હણતો હોય પણ પુણ્ય પ્રકોપ સમાજને હેરાન કરનાર વ્યક્તિ માટે પગલા લેવા જરૂરી બની જાય. દેશદ્રોહી વ્યક્તિ તથા આતંકવાદ ફેલાવનાર આતંકીઓ સામે મૌન ધારણ કરવું ઉચિત ના જ ગણાય. દેશહિત અને સમાજહિત ખાતર પણ મૌન તોડી પુણ્ય પ્રકોપ દાખવવો જ રહ્યો. પરિવારમાં પણ ક્યારેક વડીલ વ્યક્તિ સત્ય જાણતા છતાં કોઇ એક વ્યક્તિને માઠું ન લાગે એ માટે મૌન ધારણ કરી બીજી વ્યક્તિ ને ક્યારેક અન્યાય કરી દે છે. એ અયોગ્ય ઘટનાજ કહેવાય. જેથી ખોટું આચરણ કરનારને પ્રોત્સાહન મળી જાય! અને સાચી વ્યક્તિનું દિલ દુભાય.

**સુરત - નેહા શાહ**

## તમારે ત્યાં જૂના ફર્નિચર કેટલા?

રખે તમે એમ માનતા કે અહીં દિવાળી માં કબાડી માં અપાતાં જૂના ફર્નિચર ની વાત થઈ છે, પરંતુ વાત કરવી છે અહીં દીકરી ના વિવાહ ટાણે એમની માતા ઓ દ્વારા પ્રયોજાતાં રૂપક શબ્દો ની,તમારે ત્યા જૂના ફર્નિચર એટલે “ડોહા”કેટલા ? સંયુક્ત કુટુંબ ની પ્રથા આજે પડી ભાંગી છે, એટલે પોતાની દીકરી ને એવા એકલ દોકલ ને ત્યા ઠેકાણે પાડવા મથામણ કરે છે, કે જ્યાં જૂના ફર્નિચર એટલે “ડોહા * ઘરડા, વડીલો ના હોય,પરંતુ સામાજીક વિકાસના સંદર્ભમાં વિચારીશું તો માલમ પડશે કે આજે જે યુવા પેઢી સફળતા ના શિખર ના જે સોપાનો સર કરી રહ્યા છે, તેની પાછળ જૂના ફર્નિચર એટલે વડીલો પોતાના અનુભવો પેઢી દર પેઢી આવનારી પેઢીઓ ને આપતા ગયા, વડીલો ની છત્રછાયા ન હશે તો આવનારી યુવા પેઢી અંધકાર યુગ તરફ ધકેલાય જશે,

**સુરત - દિવ્યેશ કુમાર ફૈજાભગત**

## સુરતની ઘોડાગાડી…

આજકાલ તો રસ્તા ઉપર તમને બાબા ગાડી જોવાની તો ઘણી મળે છે કારણ છોકરાઓને હાથમાં તેડે છે જ કોણ? પરંતુ રસ્તા પર જેની ૭૦ ના દાયકા ની શરૂઆત સુધી દોમ દોમ સાહ્યબી હતી તે ઘોડાગાડી ઓટોરિક્ષાનું ચલણ વધતા ધીરે ધીરે રસ્તા પરથી અદ્રશ્ય થઈ ગઈ. આજની પેઢીના યુવક યુવતીઓને તો એનો ખ્યાલ ન જ હોય. ઘણીવાર જોરદાર, ભારેખમ વજન ની વ્યક્તિ બેસે તો ઘોડો આગળથી ઊંચો થઈ જતો અને ત્યારે માલિકની સટ્ટા…ક કરતી ચાબુક નો માર પણ સહન કરવો પડતો. હાલની BMW કે mercedes કે Oddi ને જેમ લોકો શણગારે છે તેમ ઘોડાગાડીને પણ શણગારવામાં આવતી…હા, એ શણગાર પરંપરાગત શૈલી નો કંઈક અલગ હતો . લાલ લીલા પીળા ફુમતા લટકેલા હોય તો વળી બેઠકની ઉપરના ભાગે ઝાલર જેવું રંગીન સરસ મજાનું કપડું બાંધેલું હોય અને ઘોડાને પણ સુંદર રંગબેરંગી મણકાની માળા પહેરાવેલી હોય , પીઠ ઉપર શણની મુલાયમ ગાદી પાથરેલી હોય અને રાજા.. ગુડ્ડુ.. સમ્રાટ..વીરુ જેવા નામથી એનો માલિક એને પૂચકારતો હોય . દૂરથી ગલીમાં રૂમઝૂમ કરતી ઘોડાગાડી આવે એટલે સૌ ઓટલા પર જોવા નીકળે કે કોને ત્યાં મહેમાન આવ્યા… એક ખૂબ રસપ્રદ વાત કે અમારા એક મુસ્લિમ ચાચા જાત ભાત ની ચાબુક ના શોખીન હતા જે તેઓ પોતે બનાવતા અને ત્યારે અમને ઘણીવાર થતું કે કળાને ક્યાં કોઈ સીમા છે ખરી?? વળી સીગરામ ( આ પણ ઘોડાગાડીનો જ એક પ્રકાર પરંતુ એમાં ચાર માણસ બેસી શકે) નો તો વટ જ જુદો…. નાનકડું બારણું ખોલીને વટથી અંદર ના ચોખંડામાં સામસામે સીટ ઉપર બેસવાનું. આજે વરરાજાના વરઘોડામાં કે જૈન શ્રેષ્ઠિઓના વરઘોડામાં તમને કલાત્મક બગીઓ જોવાની મળે છે. રાજા રજવાડાઓને ત્યાં તો એ જાહોજલાલી ઘણી હતી પરંતુ આપણા જેવા સામાન્ય માણસ માટે તો રસ્તા પર દોડતી આ ઘોડાગાડી જ મારા બાળપણના સ્મરણ ની એક જાહોજલાલી છે. જ્યારે અમારું સુરત ફક્ત અમારું જ હતું ત્યારે સ્ટેશન પર ઉતરો અને કોઈપણ ઘોડાગાડી વાળાને પૂછો કે ડોક્ટર મંગળભાઈ વ્યાસ ને ત્યાં જવું છે તો એ બે ધડક સીધા અમારે ત્યાં લઈ આવતા. See the time!!! અમારે ફ્લાઈંગ રાણી માં મુંબઈ જવાનું હોય તો પપ્પા આગલે દિવસે રાત્રે રહીમ ચાચા ને વર્દી નોંધાવી આવતા અને ચાચા પપ્પાને સામેથી એક રૂપિયો આપતા કે હવે હું બંધાઈ ગયો છું. ઘોડાગાડી ને લક્ષમાં રાખીને તો કેટલા બધા ફિલ્મી ગીતો પણ બન્યા છે… આજે જ્યારે ઓટોરિક્ષા ના નકરા અવાજ અને નકરા ધુમાડા વચ્ચેથી રસ્તા પર ચાલવાનું થાય છે ત્યારે મને મારા એ વર્ષો પહેલાંના સુરતની ચુલબુલી ઘોડાગાડી ઘણી યાદ આવી જાય છે. આજે આમ જ અતિત ને વાગોળતા વાગોળતા આ ઘોડાગાડી યાદ આવી ગઈ…. બોલો….

**- વ્યાસ ડો.પલ્લવી નીતિન**

## પૂજા સેવા માટેનું શ્રીફળ ખરાબ નીકળે તો?

હિંદુ સનાતન ધર્મમાં પૂજા પાઠનું ખાસ મહત્વ છે. એમાં પણ દરેક પૂજામાં શ્રીફળનો વિશેષ ઉપયોગ થાય છે. મોટાભાગની પૂજામાં શ્રીફળનો ઉપયોગ વધુ થતો હોવાથી ઘણી વેળાએ લીલા નારિયેળનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ખેર, અનેકો વખત પૂજામાં દેવસ્થાને ચઢાવેલું નારિયેળ ખરાબ નીકળે છે ત્યારે ઘણાને અમંગળ લાગતા વહેમ અને કુશંકા પણ જાગે છે અને અશુભ વિચારો આવે છે કે, તેઓની પૂજા સેવા સફળ નથી થઈ અને ખરાબ નારિયેળના માધ્યમથી ભગવાન એવો સંકેત આવી રહ્યા છે કે તેમની પૂજામાં વિઘ્ન છે વિગેરે… કિન્તુ ધર્મ અને શાસ્ત્રોના જાણકારોનો મત આના કરતા અલગ પડે છે. વિદ્વાન પંડિતોના મતાનુસાર પૂજા અને દેવસેવામાં નારિયેળ ખરાબ નિકળે તો તેને શુભસંકેત માનવામાં આવે છે. ધર્મના જાણકારોના મતે પૂજા-પાઠમાં ઉપયોગમાં લેવામાં આવતા નારિયેળને વધેરવાથી જો તે કુદરતી રીતે ખરાબ નીકળે છે તો તેનો મતલબ છે કે ભગવાને પૂજાને સપ્રેમ સ્વીકાર કરી લીધી છે અને સાથે જ પૂજા સેવાનું સાર્થક પરિણામ જલ્દી જ પ્રાપ્ત થશે! એ માટે દેવસેવા પૂજાપાઠનું શ્રીફળ ખરાબ નીકળે તો ગભરાવું નહિ અને ખોટી ચિંતા કરવી નહિ.

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## ભારતને સ્વર્ગ બનાવો અને વિશ્વને કુટુંબ

હું હાયર એજ્યુકેશન ફિલ્ડમાંથી આવું છું. અમે પણ આપણા દેશને સ્વર્ગ બનાવવા માંગીએ છીએ. જેમાં આરોગ્ય, સંપત્તિ અને ખુશીઓ સાથે લોકો રહે. દેશ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે તેને ઉકેલવા માટે આપણી પાસે દૂરદર્શિતા હોવી જરૂરી છે. આપણે ખૂબ જ મૂળભૂત સ્તરેથી એટલે કે શાળા સ્તરેથી શરૂઆત કરવાની જરૂર છે. જો દરેક વ્યક્તિનો પાયો મજબૂત હોય અને નૈતિક મૂલ્યો સાથે હોય તો આપણે પ્રામાણિક, વફાદાર, નૈતિક નાગરિકો સાથે એવા સ્ટ્રોન્ગ ઈન્ડિયાનું નિર્માણ કરી શકીએ છીએ, જેને સફળતા તરફ આગળ વધવામાં હોય. આપણા ભારતીય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને લાગુ કરીને, આપણે આપણા વડાપ્રધાન મોદીના સ્વપ્નને અનુરૂપ ભારતને “સ્વર્ણિમ ભારત” બનાવી શકીએ છીએ. (૧) શિક્ષકોને સશક્ત બનાવીને નાગરિકોમાં નૈતિક મૂલ્યો વિકસાવવા. (૨) શિક્ષણ પ્રણાલીને પવિત્ર ક્ષેત્ર તરીકે પ્રોત્સાહન આપવું. (૩) દરેક ઘરમાં સ્વચ્છ ઊર્જાથી પૈસા અને ખોરાક આવે. (૪) નારી શક્તિ સાથે આપણી શિક્ષણ પ્રણાલીને પ્રસ્તુત કરવી અને સશક્ત બનાવવી. (૫) આપણા દેશમાંથી બહાર જવા માટે હોંશિયાર વિદ્યાર્થીઓને અટકાવવા.

**સુરત - પ્રો.સ્નેહલ ગાંધી**